પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદ નિવારણ કાર્યક્રમમ હેઠળ

ડાભીએ સ્ટાફ સાથે લીલી ચાઈનીઝની

ઉમેર્યું હતું.

| | | |
|---|---|---|
| 3. | અંકલેશ્વર | 85.75 |
| 4. | અમદાવાદ | 78.09 |
| 5. | ભાવનગર | 69.7 |
| 6. | જૂનાગઢ | 67.85 |

નોંધઃ ઉપરોક્ત અભ્યાસ સીપીસીબી અને દરેક રાજ્યના પોલ્યૂશન કં

# વિદેશી ચુકવણીમાં ચોક્કસ દસ્તાવેજો જોડવા જરૂરી

બિઝનેસ

## સીએ ઈન્સ્ટિટ્યૂટની વાપી બ્રાન્ચમાં વિદેશી ચુકવણી પર સેમિનાર

ભાસ્કર ન્યૂઝ. વાપી

કંપની, એચયુએફ કે કોઈપણ વેપારી પેઢી દ્વારા જો વિદેશમાં પેમેન્ટ કરાતું હોય ત્યારે આવા સંજોગોમાં બેંકમાં વિવિધ દસ્તાવેજો ચોક્કસ રીતે રજૂ કરવા જરૂરી છે, એવું સીએ ઈન્સ્ટિટયૂટની વાપી બ્રાન્ચમાં બરોડા બ્રાન્ચ સાથે યોજાયેલા એક સેમિનારમાં બરોડાના પાસ્ટ ચેરમેન અભિષેક નાગોરીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, જ્યારે પણ વિદેશી પેમેન્ટ કરવાનું હોય ત્યારે ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટનો ધ્યાનથી અભ્યાસ કરવો જરૂરી છે. આ ગ્રીમેન્ટ થકી અનેક સંજોગોમાં ટેક્સ બચાવી શકાય છે. આ ઉપરાંત આ પેમેન્ટ કરતી વખતે એસએસસી એ બેંકને ફોર્મ 15 સીબી અને ઓનલાઈન ભરેલું ફોર્મ 15 સીએ આપવું જરૂરી છે. પેમેન્ટ સાથે જોડવાના જરૂરી દસ્તાવેજ જેમકે ઈન્વોઈસ, કોન્ટ્રાક્ટ લેટર વગેરે ચોક્કસ હોવું જરૂરી છે. જો આ દસ્તાવેજ યોગ્ય રીતે જોડેલા હોય તો પેમેન્ટમાં કોઈ વાંધો આવતો નથી.

વિદેશી ચુકવણી માટે એસએસસીએ સીએનું સર્ટિફિકેટ લેવું જરૂરી બન્યું છે. આ સર્ટિફિકેટ આપવી સીએ દ્વારા યોગ્ય તકેદારી રાખવી જરૂરી છે. જો સીએ દ્વારા તકેદારી ન રખાય તો પેમેન્ટ અટકી શકે છે. ઔદ્યોગિક પ્રભુત્વ ધરાવતા વાપીમાં નાની મોટી અનેક કંપનીઓ દ્વારા વિદેશી કંપનીઓ સાથે બહોળો વેપાર અને નાણાંકીય લેવડ દેવડ થતી હોય છે. ત્યારે વાપીમાં પ્રેક્ટિસ કરનાર સીએને આ સંદર્ભે યોગ્ય જાણકારી મળી રહે તે હેતુથી વાપી બ્રાન્ચ દ્વારા વિદેશમાં થતી નાણાની ચુકવણી માટે ખાસ સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં વાપીના અનેક અગ્રણી સીએ હાજર રહ્યા હતા.




વાપી સીએ ઈન્સ્ટિટ્યૂટની બ્રાન્ચમાં મંગળવારે યોજાયે સેમિનારમાં સીએ અને શહેર અગ્રણીઓએ ભાગ લીધો હતો. તસવીરઃ હિમાંશુ પંડ્યા

### મેમ્બર્સ ઇન ઇન્ડસ્ટ્રિઝના સેન્ટરની શરૂઆત

**વાપી** મોટો ઇન્ડસ્ટ્રિયલ ઝોન છે. આ ઇન્ડસ્ટ્રિઝમાં અનેક સીએ ફરજ બજાવી રહ્યા છે. આવા સીએ માટે વાપી સીએ એસોસિએશન દ્વારા અલગ એસોસિએશન મેમ્બર ઇન ઇન્ડસ્ટ્રિઝ (એમઇઇ) ની શરૂઆત કરી છે. જેનું ઉદ્‌ઘાટન વેસ્ટ ઝોનના વાઇસ ચેરમેન જય છેરા એ કર્યુ હતું. તેમણે જણાવ્યું કે, ઇન્ડસ્ટ્રિઝના કાર્યરત સીએ આ સંગઠન થકી ઇન્ડસ્ટ્રિના તમામ સીએ એક છત નીચે ભેગા થઇ શકશે અને નોલેજ શેરિંગ દ્વારા તેમનો વિકાસ થશે. આ સેન્ટરની શરૂઆત સાથે સીએ બ્રાન્ચના ચેરમેન જી.બી.લક્ષ્રાએ જણાવ્યું કે, વાપીના 80 જેટલા સીએ આ એસોસિએશનમાં જોડાશે. જેમને ઉપયોગી એવા 400 જેટલા વિવિધ ટોપિક પર અનેક સેમિનાર યોજવામાં આવશે.


શ્રી ખેતીવાડી ઉત્પન્ન

દશેરા ટેકરી, વલસ

જમીન વેચવા મા

આથી રસ ધરાવનાર ઈસમોને જણાવવાનું કે ગ

બ્લોક/સર્વે નં. ૧૩૨/૧+૨, ૧૨૦/૨, ૧૩૨/૨ વ

નં. -૪૨ ગામનો નમૂનો નંબર ૮-અ (જમીન ખાતા

નોંધવામાં આવેલ છે તે જમીન એગ્રીકલ્ચર પ્રોડયુઝ

તે જમીન તેના લાગતા વળગતા તમામ હકકો સહિત

કરેલ છીએ. જમીનની વેચાણ કિંમત અંગે છેવટનો

અબાધિત રાખી ટેન્ડરો મંગાવવામાં આવે છે. તે

જાહેરનોટીસ પ્રસિધ્ધ થવાની તારીખ થી દિન ૧૦

માર્કેટ કમિટિ પાવર હાઉસની સામે, દશેરા ટેકરી

મેળવવાના રહેશે અને આ ટેન્ડરો તા. ૧-૬-૨૦૧

રહેશે અને ટેન્ડર / ટેન્ડરો જમા કરાવતી વખતે અ

માર્કેટ કમિટિ વલસાડનાં નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કે

ટેન્ડરો રદ કરવામાં આવશે.

શ્રી ગણપતભાઇ ઇશ્વરભાઇ પટેલ
ઉપ પ્રમુખશ્રી
બજાર સમિતિ વલસાડ

શ્રી જ
અરવિંદભ
પ્રમુખશ્રી બ